### મોડાસા સાયરા (અમરાપુર) કેસ

# કેન્દ્રીય મહિલા આયોગના ડૉ. રાજુલ દેસાઈ તથા અમિત ચાવડાએ પીડિત પરિવારની મુલાકાત લીધી

મોડાસા, તા. ૧૩

મોડાસાના સાયરા ગામે યુવતીના અપમૃત્યુ મામલે તપાસ તેજ કરવામાં આવી છે,ત્યારે કેન્દ્રીય મહિલા આયોગની ટીમએ અરવલ્લી જિલ્લાની મુલાકાત કરી હતી. જેને લઈને પરિવારજનો સહિત સમાજના આગેવાનોએ તટસ્થ તપાસની માંગ કરી હતી.



હતી, કેન્દ્રીય મહિલા આયોગના સભ્ય ડોકટર રાજુલ દેસાઈએ પીડિતાના પરિવારજનોની સાથે મુલાકાત કરી. તેમની સાથે ચર્ચા કરી હતી.આ સાથે જ, જે સ્થળે ઘટના ઘટી હતી, તે સ્થળની પણ મહિલા આયોગની ટીમ એ મુલાકાત કર્યો હતો. મહિલા આયોગના જણાવ્યા મુજબ હેન્ગિંગથી યુવતીનું મોત થયું છે, જે પ્રોવિઝનલ પીએમ રીપોર્ટમાં આવ્યું છે, પણ દુષ્કર્મ થયું છે કે, નહીં તે ફોરેન્સિક રીપોર્ટ આવ્યા બાદ ખ્યાલ આવશે. મહિલા આયોગ દ્વારા આ સમગ્ર મામલે અહેવાલ તૈયાર કરશે,, અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર સહિત ગુજરાત પોલિસને સોંપશે,, ઉલ્લેખનિય છે કે, મોડાસાના સાયરા ગામે ઓગણિસ વર્ષિય યુવતીનો ઝાડ પર લટકેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.

રવિવારે મોડાસાના સાયરામાં મૃતક યુવતીના પીડિત પરિવારની કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને રાજ્યસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીએ મુલાકાત લીધી હતી. આ ઘટનાને અતિ દુ:ખદ ગણાવતા કોંગ્રેસના આગેવાનોએ સમગ્ર પ્રકરણ અંગે પિડીત પરિવાર સાથે ચર્ચા કરી હતી. અમિત ચાવડાએ આ પ્રકરણની SITની રચના કરી નિષ્પક્ષ અધિકારીઓ દ્વારા કેસની તપાસની માંગણી કરી હતી.

આ પ્રશ્નને સંસદમાં લઈ જઈ સમગ્ર દેશમાં ઉજાગર કરીશું સાયરામાં રવિવારે ઉપસ્થિત કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડા અને સાંસદ મધુસુદન મિસ્ત્રી, મહામંત્રી રામભાઈ સોલંકી, ધારાસભ્ય જશુભાઈ પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર સહિતના કોંગી કાર્યકરો અને



અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન શામળસિંહ પરમારે સાયરામાં જ્યાંથી યુવતીની લાશ મળી આવી હતી. તે જગ્યાનું સ્થળ ઉપર જઈ નિરીક્ષણ કર્યું હતું. પરિવારની મુલાકાત લઈ મૃતકને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું કે મૃતક દિકરીએ ગુજરાત અને દેશની દિકરી છે. એનું અપહરણ અને દુષ્કર્મ કરી તેની હત્યા કરી તેની હત્યા કરવામાં આવે તે અતિ ગંભીર બાબત ગણાવી હતી. વધુમાં જણાવ્યું કે આ અંગે વિધાનસભામાં ઉગ્ર રજૂઆત કરી હતી. આ પ્રકરણમાં SITની રચના કરી નિષ્પક્ષ અધિકારીઓ દ્વારા સમગ્ર પ્રકરણની તપાસ કરવામાં આવે અને ગુનેગારો આ ગુનામાં સાબિત થાય તો તેમને ફાંસી આપવી જોઈએ.

**મધુસૂદન મિસ્ત્રી પણ મુલાકાતે આવ્યા**

સાયરામાં અમિત ચાવડાની સાથે આવેલા મધુસુદન મિસ્ત્રીએ જણાવ્યું કે મૃતક યુવતી પ્રકરણના પ્રશ્નને રાજ્યસભા અને લોકસભામાં લઈ જવાશે.

**મોડાસા ટાઉન પી.આઈ.રબારી ની ઈસરી બદલી કરાઈ**

મોડાસામાં સાયરાની મૃતક યુવતીના મોતનો મામલો છેલ્લા અઠવાડિયાથી ચર્ચીત બન્યો છે. મોતના આ પ્રકરણમાં અનેક આક્ષેપો ઉપર આક્ષેપ થઈ રહ્યા છે. ત્યારે મોડાસા ટાઉન પી.આઇ એન.કે રબારીની મેઘરજના ઈસરી પોલીસસ્ટેશન ખાતે બદલી કરાઈ છે.

# શિવ ગુરુ બ્રાહ્મણ યુવા સંગઠન બનાસકાંઠા દ્વારા વડગામ ખાતે દ્વિતીય સ્નેહમિલન સમારોહ યોજાયો





વડગામ, તા. ૧૩

શિવ ગુરુ બ્રાહ્મણ યુવા સંગઠન, બનાસકાંઠા દ્વારા વડગામ ખાતે દ્રિતીય સ્નેહમિલન સમારોહ યોજાયો હતો.

જેમાં ભોજનના દાતા તરીકે ધોતા ગામના સમસ્ત શ્રીમાળી ભાઈઓ દ્વારા આપવામાં આવ્યું હતું.કાર્યક્રમની પત્રીકાના દાતા છનિયાણા નિવાસી અમૃતલાલ ધર્માભાઇ શ્રીમાળી રહ્યા હતા.શિવ ગુરૂ યુવા સંગઠન, બનાસકાંઠા ના દ્રિતીય સ્નેહમિલન સમારોહ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે (યુવા ઉધોગપતિ ઓનર-ઓરબિન એગ્રો ઈન્ડસ્ટ્રીઝ) મનિષભાઈ મગનભાઈ શ્રીમાળી રહે પઢારિયા,જિ.મહેસાણા વાળા ઉપસ્થિત રહ્યા હતા.સાથે સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમા ગુરૂ બ્રાહ્મણ સમાજ ની વિધવા માતાઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામા આવ્યું હતું.શિવ ગુરૂ બ્રાહ્મણ યુવા સંગઠન, બનાસકાંઠા ના સ્નેહમિલન કાર્યક્રમ માં ખાસ મતદાર યાદી ની નોંધણી તેમજ સુધારા વધારાની પણ કામગીરી કરાઈ હતી.આ પ્રસંગે વડગામ મામલતદાર આર.સી.ઠાકોર, જિલ્લા પંચાયત ના પુર્વ સદસ્ય બાલકૃષ્ણ જીરાલા,વડગામ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પ્રવિણસિંહ રાણા, બનાસકાંઠા બ્રાહ્મણ તેમજ ના આગેવાન શૈલેષભાઈ જોષી,ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજ, બનાસકાંઠા ના પ્રમુખ અરવિંદભાઈ ચોરાસિયા ( એદરાણા ) નિવૃત સમાજ કલ્યાણ અધિકારીશ્રી નટવરલાલ.જે.શ્રીમાળી સહીત મોટી સંખ્યામાં ગુરૂ બ્રાહ્મણ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતાં.સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન પ્રકાશકુમાર.અમૃતલાલ શ્રીમાળી ( છનિયાણા ) એ કર્યું હતું.શિવ ગુરૂ બ્રાહ્મણ યુવા સંગઠન, બનાસકાંઠા ના પ્રમુખ અને મંત્રી દ્વારા ઉપસ્થિત સમાજ બંધુઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

### 'આપણું મોડાસા' સોશ્યલ મીડિયા પરિવારે

# શહેરમાં મુકબધીર બાળકોને ઉંધીયું-જલેબી ખવડાવી ખુશીના પતંગ ઉડાડ્યા



મોડાસા, તા. ૧૩

ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયા નો કેટલાક દૂર ઉપયોગ કરતા હોય છે અને તેના પર પાબંધી લગાવવાની અનેકવાર બૂમો ઉઠી છે બીજીબાજુ અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં સોશ્યલ મીડિયા થકી સેવાકીય પ્રવૃત્તિ કરતા "આપણું મોડાસા" પરિવાર દ્વારા સતત ૮ માં વર્ષે ૧૨૦ મુકબધીર બાળકોને ઉંધીયું-જલેબી પરિવારના સદસ્યોએ પીરસી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરતા બાળકોના ચહેરામાં પર ખુશીના પતંગો ઉડ્યા હતા.

ઉત્તરાયણ પર્વની ઉજવણી પતંગ ચગાવાની સાથે ઉંધીયું-જલેબીની જયાફત ઉડાવવામાં આવે છે મોડાસા શહેરમાં "આપણું મોડાસા" સોશ્યલ મીડિયા ગ્રુપ પરિવારના ભગીરથ કુમાવત,હિતેન્દ્ર પંચાલ, જય અમીન,નીતિન પંડ્યા, કલાબેન ભાવસાર, સહીત ગ્રુપના સદસ્યોએ રવિવારે સાંજે લાયન્સ ક્લબ સોસાયટી મોડાસા સંચાલિત બહેરા મૂંગા શાળામાં અભ્યાસ કરતા ૧૨૦ દિવ્યાંગ બાળકોને ઉંધીયું-જલેબી,સહિતના વ્યંજન ખવડાવી ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી ઉત્તરાયણ ના પગલે બજારોમાંથી મોંઘીદાટ દોરી અને પતંગ લાવી આકાશી યુદ્ધમાં પેચ લડાવવામાં જે આનંદ મળે તેના કરતા વધુ ખુશી આ સેવાકીય પ્રવૃત્તિ થી ગ્રુપના સદશ્યોએ મેળવી હતી છેલ્લા ૮ વર્ષથી " આપણું મોડાસા" સોશ્યલ મીડિયા પરિવારના સદસ્યો આ રીતે મુકબધીર બાળકોને મકરસક્રાંતિ ઉપર ઉંધીયું-જલેબી ખવડાવી આનંદ મેળવે છે




**ડીસામાં ભારત વિકાસ પરિષદ દ્વારા સ્વામી વિવેકાનંદજીને માલ્યાર્પણ**

ભારત વિકાસ પરિષદ ડીસા શાખા દ્વારા વિશ્વ ગુરુ અને યુવાનોના આદર્શ એવા સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ નિમિત્તે તેમની પ્રતિમાને માલ્યાર્પણ સાથે વંદન કરી તેમના ઉચ્ચ આદર્શોને આજના યુવાનોએ જીવનમાં ઉતારીને રાષ્ટ્રને મજબૂત બનાવવા માટે હાકલ કરવામાં આવી હતી, સાથે સાથે તમામ ઉપસ્થિત સભ્યોએ નાગરિકતા અધિકારીતા કાયદાને સમર્થન આપી આ કાયદો રાષ્ટ્ર માટે એક સુરક્ષા કવચ પૂરું પાડતો કાયદો છે તેવું જણાવવામાં આવ્યું હતું, આજના આ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદના પ્રમુખ હરેશભાઈ ઠક્કર, મંત્રી મિલનભાઈ જોષી, પૂર્વ મંત્રી જયેશભાઈ દેસાઈ, ડો.વિશાલભાઈ ઠક્કર, કિરીટભાઈ ખંડેલવાલ, દીપકભાઈ માધવાણી બ્રિજેશભાઈ સોની, કનુભાઈ હાલાણી,ઈશ્વરભાઈ રાવળ સહીત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ચિતરીયામાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાશે

ભિલોડા,તા.૧૩

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ચિતરીયા ગામની ચિતરીયા પ્રાથમીક શાળામાં તા.૧૬/૧/૨૦૨૦ ને ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી મફત નેત્ર નિદાન કેમ્પ યોજાશે તેમ ઉદય સેવા સંસ્થાન,ભિલોડાના જીતેન્દ્ર સી.ભાટીયા (એડવોકેટ) સહિત કાર્યકરોએ જણાવ્યું હતું.જીલ્લા અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ અંધજન મંડળ સંચાલિત નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ,બારેજા સમતા વિકાસ ટ્રસ્ટ,ઉદય સેવા સંસ્થાન,ભિલોડા ધ્વારા આયોજીત સિનીયર સિટીજન મંડળ,ચિતરીયાના સહયોગથી મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન હાથ ધરાયું છે.

# મોડાસા કોલેજના વિદ્યાર્થીઓએ બહેરા-મૂંગા શાળામાં પતંગોત્સવની ઉજવણી



મોડાસા, તા. ૧૩

ધી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ દ્વારા સંચાલિત સર પી. ટી.સાયન્સ કોલેજ અને શ્રી એમ કે.શાહ સાયન્સ કોલેજ ના ઉપક્રમે બહેરા-મૂંગા શાળા માં પતંગોત્સવ મકરસંક્રાંતિની એન.એસ.એસના વિદ્યાર્થીઓ દ્વારા પતંગ,દોરા,બોર,ચીકી ની વહેચણી કરવામાં આવેલ. આ પ્રસંગે પ્રભારીમંત્રી શ્રી સુરેન્દ્રભાઈ શાહ ડૉ.કે. પી.પટેલ ડૉ.એસ. ડી. વેદિયા,ડૉ.એચ. એસ. ખરાડી તથા એન.એસ.એસના વિદ્યાર્થીઓ અને બહેરા મૂંગા શાળાના સ્ટાફ તેમજ સાયન્સ કોલેજના તમામ સ્ટાફ ઉપસ્થિત રહી આનંદસભર પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધાર્મિક ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું

# મહિસાગરની મહિલા સાથે બનેલ દુષ્કર્મની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધ

પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં મહિસાગર ની પિડીત મહિલા દ્વારા મહિસાગર નાજ યુવક દ્વારા મહિલા ને ધમકી આપી ભગાડી લઈ જઈ અવારનવાર દુષ્કર્મ આચરતા ભોગવનાર મહિલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ફરીયાદ કરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ ભોગ બનનાર ફરીયાદી મહિલા ને આરોપી શૈલેષભાઈ વિરસિંહ ધરોડ, મૂળ રહે.સીમોડી, કાળાપાણા ફળિયું તા. સંતરામ પુર જિલ્લો મહિસાગર હાલ રહે. પ્રાંતિજ જેસીંગ પુરા પટેલના બોર ઉપર આ આરોપી દ્વારા ભોગ બનનાર મહિલા ને કહેલું કે જો તું મારી સાથે નહી આવે તો હું તારી દીકરીને જાન થી મારી નાખીશ તેવી ધમકીઓ આપી ભોગ બનનાર ફરીયાદી મહિલા નુ અપહરણ કરી ભગાડી ને લઈ જઈ ને ભોગ બનનાર ફરીયાદી મહિલા ને લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ અવારનવાર દુષ્કર્મ આચરતા પિડીતા મહિલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૩૬૩, ૩૭૬ (૨) અને ૫૦૬ (૨) મુજબ ગુનોનોધી આગળ ની તપાસ હાથધરી હતી

# બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર મહેસાણા ખાતે રજત જયંતિ મહોત્સવ યોજાયો

મહેસાણા, તા.૧૩

મહેસાણા સ્વામિ નારાયણ મંદિર ખાતે ત્રિ-દિવસીય રજત જયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે મંદિરો ભારતીય સંસ્કૃતિના અનેક પ્રદાનોમાંના એક છે.સમાજના આધ્યાત્મિક અને સર્વાંગિ વિકાસનું કામ ધર્મ સ્થાનો દ્વારા થઈ રહ્યું છે.સ્વામિ નારાયણ મંદિરનું નિર્માણ ૧૯૯૪ માં થયું હતું



ત્યારથી માંડીને આજ દિન સુધી શિક્ષણ,સેવા અને ચારિત્ર્યશીલ નવયુવાનોનું સર્જન કરવાનું કામ સંસ્થામાં થઈ રહ્યું છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે સંસ્કાર, કેળવણી,શિક્ષણ અને રાષ્ટ્ર ભક્તિના રંગેરંગાઈ ઉત્તમ કર્મશીલોનું નિર્માણ આ પ્રકારની ધાર્મિક,સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા થાય છે. મહેસાણા ખાતે આવેલ છાત્રાલયમાં ૩૫૦૦ થી વધુ યુવાનોનું જીવન ઘડતર થયું છે.ધર્મ,સમાજ અને રાષ્ટ્ર ભક્તિના સંસ્કારોના સિંચન થકી આજે આ યુવાનો મા ભારતીની સેવા કરી રહ્યા છે.

મહેસાણા ખાતે ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન ત્રિ-દિવસીય રજત જયંતિ મહોત્સવ યોજાયો હતો.જેમાં ડોક્ટર સ્વામી,ઈશ્વરચરણ સ્વામી,કોઠારી સ્વામી સહિત સ્વામીઓ, સંતો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ખાતે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણી કરાઈ




પ્રાંતિજ તા.૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સ્વામિવિવેકાનંદ ની જન્મ જયંતિ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સ્વામીજી અમર રહો ના નારા સાથે તેમની પ્રતિમા ને ફુલહાર પહેરાવી ને CAA ના કાયદા અંગે માહિતી આપતી વિશાળ રેલી યોજાઈ હતી.

સ્વામિ વિવેકાનંદ ની ૧૫૭ મી જન્મ જયંતિ ને લઈને પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ સ્વામિવિવેકાનંદ ની પ્રતિમા ને ફુલહાર પહેરાવી ઉજવણી કરવામાં આવી હતી તો નાગરિકતા સંશોધન કાયદા અંગે જાગૃતિ લાવવા અંગે પોસ્ટરો બેનરો સાથે વિશાળ રેલી યોજાઈ હતી તો CAA ના કાયદા અંગે માહિતી આપતી પત્રિકાઓનુ પણ રેલી દરમ્યાન વિતરણ કરવામાં આવ્યું હતું તો પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ થી નિકળેલ રેલી બજાર ચોક થઈને નાનીભાગોળ શ્રી હરિહરેશ્વર મહાદેવ મંદિર સુધી નિકળી હતી તો આ પ્રસંગે પૂર્વ જિલ્લા પ્રમુખ જયેન્દ્રસિંહ રાઠોડ, સુનીલદાસજી મહારાજ, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ , ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, તાલુકા ભાજપ પ્રમુખ બળવંતભાઈ પટેલ , માર્કેટયાર્ડ ના ચેરમેન રાજુભાઈ પટેલ, બક્ષીપંચ મોરચાના જિલ્લા પ્રમુખ રણજીતસિંહ રાઠોડ, નગરપાલિકા પૂર્વ પ્રમુખ નિરવભાઈ પરીખ, પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ રતિભાઈ ટેકવાણી, પ્રદીપ સિંહ રાઠોડ નગરપાલિકા કોર્પોરેટર દિપકભાઈ કડીયા, રાજેશભાઈ ટેકવાણી, ભાજપ આગેવાનો, ભાજપ કાર્યકરો સહિત પ્રાંતિજ તથા તાલુકા માથી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને રેલી માં જોડાયા હતાં.

# ભિલોડામાં પતંગ-દોરીની ખરીદી અર્થે છેલ્લી ઘડીએ પતંગ રસીયાઓ ઉમટ્યા

### પતંગ-દોરીનો ભાવ આસમાને

ભિલોડા, તા.૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકા મથક ખાતે ઉત્તરાયણ પર્વની પુર્વ સંધ્યાએ પતંગ-દોરીની ખરીદી અર્થે પતંગ રસીયાઓ છેલ્લી ઘડીએ ઉમટ્યા હતા.પતંગ-દોરીનો ભાવ આ વર્ષે આસમાને પહોંચતાં પતંગ રસીયાઓમાં નારાજગી જોવા મળી હતી.મોંઘવારીના વમળમાં વચ્ચે પતંગ રસીયાઓ ભારે મુંઝવણમાં મુંકાયા હતા.ઉત્તરાયણ પર્વની પુર્વ સંધ્યાએ



પતંગ-દોરીના ઠેર-ઠેર સ્ટોલ ઉપર પતંગ રસીયાઓની ભીડ જોવા મળી હતી.ભિલોડામાં ઠેર-ઠેર આ વર્ષે પતંગ-દોરીના સ્ટોલ ધારકોમાં મહંદ્ અંશે વધારો જોવા મળ્યો હતો.હાર્દસમા બજાર વિસ્તારમાં ઠેર-ઠેર પતંગ-દોરીના સ્ટોલ વેપારીઓ ધ્વારા ઉભા કરવામાં આવતા ટ્રાફીકની ભયંકર સમસ્યા સર્જાઈ હતી પરંતુ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓએ આંખ આડા કાન કર્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.પતંગ રસીયાઓ ઉત્તરાયણ પર્વની ધામધુમ પુર્વક ઉજવણી કરવા અવનવા રંગબેરંગી પતંગો અને દોરીની ખરીદી કરવા બજારોમાં ઉમટ્યા હતા.પતંગ-દોરીના હોલસેલ-રીટેલ સ્ટોલ ધારકોના જણાવ્યા મુજબ પતંગ-દોરીના વ્યવસાયમાં આ વર્ષે એકદંરે મંદીનો માહોલ જોવા મળ્યો હતો.ઉત્તરાયણના પર્વ નિમિત્તે દાન-પુણ્યનો વિશેષ મહિમા હોવાના કારણે ચીકી,કચરીયું,ઉંધીયુ,જલેબી,ફાફડા સહિત અવનવી વેરાયટીઓની પણ ધુમ ઘરાકી બજારોમાં જોવા મળતી હતી.

ઉત્તરાયણ એટલે પુણ્યનું પર્વ ગણાય છે.ઉત્તરાયણને આપણી સંસ્કૃતિનું પરંપરાગત પર્વ ગણવામાં આવે છે.પુણ્યદાન કરવા માટે ઉત્તમ દિવસ એટલે ઉત્તરાયણ ગરીબો,બ્રાહ્મણો,ગાય અને પશુ-પંક્ષીઓને દાન કરવાનો અનેરો મહિમા શાસ્ત્રોમાં વર્ણવાયો છે.શ્વાનને લાડુ અને પક્ષીઓને જાર વ્યાપક રીતે ઉત્તરાયણ નિમિત્તે ખવડાવવાની પરંપરા વર્ષો જુની છે.

પતંગના બજારોમાં છેલ્લી ઘડીએ ખરીદીનો ધમધામાટ :- ઉત્તરાયણના આગમનના પુર્વે બજારોમાં પતંગ રસીયાઓની ચહલપહલ જોવા મળી હતી.આકર્ષણ ધરાવતા રંગબેરંગી પતંગો અને ધારદાર પીવડાવેલી દોરીની પસંદગી માટે પતંગ રસીયાઓ ખરીદી અર્થે ઉમટ્યા હતા.

ઉત્તરાયણ નિમિત્તે ફાફડા જલેબી આરોગવાની પરંપરા ચાલી રહી છે.

ઉંધીયુ અંદાજીત રૂા.૨૦૦/- થી વધુ પ્રતિ એક કિલો

તેલની જલેબી અંદાજીત રૂા.૨૦૦/- થી વધુ પ્રતિ એક કિલો

ઘીની જલેબી અંદાજીત રૂા.૪૦૦/- થી વધુ પ્રતિ એક કિલો

ફાફડા અંદાજીત રૂા.૧૭૦/- થી વધુ પ્રતિ એક કિલો

ઉપર મુજબના ભાવ પ્રમાણે ઉંધીયું,જલેબી,ફાફડા બજારોમાં વેચાઈ રહ્યા છે.

ઉત્તરાયણ પર્વ નિમિત્તે ઉંધીયું,જલેબીના ભાવોમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.લીલા શાકભાજીના ભાવોમાં તોતીંગ વધારો થવાના કારણે ઉંધીયાના શોખીન સ્વાદ રસીયાઓનો સ્વાદ મોંઘો બની રહ્યો છે.

### વડગામના લક્ષ્મીપુરા મા સરસ્વતી ધામને લજવતી ઘટના

# શિક્ષણનો પાઠ ભણાવતા ગુરૂજી દારૂની મહેફિલ માણતા ઝડપાયા : ગ્રામજનોએ પોલીસ હવાલે કર્યા

વડગામ, તા. ૧૩

વડગામ તાલુકાના પસવાદળ ગામના પરા વિસ્તારમાં આવેલા લક્ષ્મીપુરા પ્રાથમિક શાળા માં શિક્ષક તરીકે ફરજ બજાવતો શિક્ષક તેના સાગરીતો સાથે રાત્રીના શાળામાં જ દારૂની મહેફિલ માણી સાથે ઈંડાને આરોગીને મજા માણી હતી.

સમગ્ર શિક્ષણ જગત ને કલંકીત કરતી ઘટનાની વિગત એવી છે.કે મુળ વાલમના રહેવાસી અને છેલ્લા પાંચ વર્ષથી પસવાદળના પરા વિસ્તાર લક્ષ્મીપુરા મા આવેલ પ્રાથમિક શાળા માં શિક્ષક તરીકે ફરજ બજાવતા ખોડાભાઈ.ગણપતભાઈ.પરમાર ને ચુંટણી ની કામગીરી માટે બીએલઓ ની કામગીરી સોંપવામાં આવી હતી. જેઓ રવિવારના લક્ષ્મીપુરા પ્રાથમિક શાળા માં ચુંટણીની કામગીરી માટે હાજર રહ્યા હતા.રાત્રીના સમયે સરસ્વતી ધામના ગુરૂજી ખોડાભાઈ પરમાર તેમના બે સાગરીતો ને બોલાવીને સરસ્વતી ધામમાં જ દારૂની મહેફિલ માણીને આખી રાત ઝુમ બરાબર ઝુમ સાથે મજા માણી હતી.એટલુ જ નહીં પણ આ ગુરૂજી અને તેમના સાગરીતો એ ઈંડા સ્કુલમાં જ આરોગ્યા હતા.અને ઈંડા સ્કુલોમાં ફેંકાયા હતા.શાળાના ઓરડામાં દારૂની પોટલીઓ ફેંકાઈ હતી.તેમજ શૌચકીયા પણ



સ્કુલમાં કરીને શિક્ષણને પણ હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે.ગ્રામજનોને સમગ્ર ઘટના ની જાણ થતાં સવારે જ ગુરૂજીને તેમજ એક સાગરીત ને ગ્રામજનો એ ઘેરી લઈને છાપી પોલીસને જાણ કરી હતી.પોલીસ ઘટના સ્થળે આવીને મુદ્દામાલ સાથે શિક્ષણ જગતને લજવતી ઘટના ના ગુરૂજીને ઝડપી લઈને પોલીસ મથકે લઈ જવાયા હતા.

બોક્સ પસવાદળના ગ્રામજનોએ જણાવ્યું હતું કે આ શિક્ષક દારૂ પીવાની ટેવ ધરાવે છે.અનેક વખત શાળામાં જ દારૂની પોટલી લઈને આવતો હોવાના આક્ષેપ કરાયા હતા.આ શિક્ષક ની બદલી કરવા અનેક વખત રજૂઆતો કરી હોવા શિક્ષણ વિભાગ દ્વારા બદલી પણ કરાતી નથી.દારૂડીયા શિક્ષક ના કારણે શાળાના બાળકો ઉપર માઠી અસર પડે તેવા આક્ષેપ પણ ગ્રામજનો દ્વારા કરાયા હતા.